ગાંધીનગર સમાચાર

શાળાઓની સ્ટેશનરી નીતિથી વાલીઓ ખફા

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૨૯ કલાકનો રહેશે.

● મીરા ભજન મંડળ સેકટર-૬-બી દ્વારા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન લીલાબેન પરમાર તરફથી સેકટર-૩-ડી રામંજી મંદિર ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે શિવપુરાણ ગ્રંથમાંથી શિવકથાનું રસપાન કરાવાશે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા ફ્રી યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૫

ધ આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ભારત સરકારના કેન્દ્રીય યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા અનુસંધાન પરિષદ તરફથી ફ્રી યોગ શિબિર યોજવામાં આવેલ છે. શુકન વિલાસ ફલેટનો બગીચો, સરગાસણ ચોકડી પાસે-ગાંધીનગર ખાતે રોજ સવારે ૬ થી ૭ કલાક દરમિયાન આ યોગ શિબિર યોજવામાં આવેલ છે. જે તા. ૨૧-૬-૨૦૧૬ સુધી ચાલશે અને યોગ ડેના દિવસે સવારે ૬ થી ૭ કલાક દરમિયાન ઉત્સવ યોજવામાં આવશે. જેમાં યોગ શિક્ષક ભરતભાઈ પટેલ, શોભનાબેન પટેલ અને બાવકુભાઈ વાળા યોગ વિષે તાલીમ આપશે તો જાહેર જનતાને આ યોગ શિબિરનો લાભ લેવા વિનંતી છે.

## ગુજરાતીમાં ઉચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૫

શિક્ષણ, સાહિત્ય અને સમાજના સહજ સમન્વય એવી 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ધો-૧૦ તથા ધો-૧૨ની જાહેર પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ૮૫ કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓએ ગુણ પત્રકની ઝેરોક્ષ નકલ તેમજ અગત્યની માહિતી ૩૦ જૂન સુધીમાં સંસ્થાના કાર્યાલય ખાતે મોકલવાની રહેશે. ત્રિદલ સંસ્થા જિલ્લામાંથી ધો-૧૦ તથા ધો-૧૨માં ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી-ગુજરાતી વિષયના શિક્ષક તથા શાળાનું જાહેર સન્માન કરવાનું વિચારે છે.

# જાહેરમાં કચરો સળગાવવાની વધુ એક ઘટના

**ઉદ્યોગભવન પાછળના ભાગે મોટા પ્રમાણમાં કચરો બાળવાની ઘટના : આગથી આસપાસના લીલા વૃક્ષો અને વનરાજીને પણ અસર : ધુમાડાના ગોટેગોટાથી વાતાવરણમાં પ્રદુષણ : જવાબદાર તત્ત્વો સામે પગલા લેવા માંગ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં કચરાને જાહેરમાં બાળીને પર્યાવરણને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. શહેરની વનરાજીમાં સૂકા પાંદડાના ઢગલાઓને એ રીતે બાળવામાં આવે છે કે જેના કારણે લીલી વનરાજી સહિત પર્યાવરણને પણ સારું એવું નુકશાન થવા પામે છે. આજે શહેરની મધ્યમાં આવેલા ઉદ્યોગભવનની પાછળના ભાગે આવેલ રેલીંગ પાસે આ પ્રકારની ઘટના આકાર પામી હતી. આ ઘટનામાં લગાડાયેલી આગ પણ એટલી મોટી હતી કે તેની આસપાસના અસંખ્ય લીલા વૃક્ષો તથા વનરાજીને તેણે લપેટમાં લઈ લીધા હતા તથા ધુમાડાના ગોટે ગોટાએ વાતાવરણમાં અત્યંત પ્રદુષણ ફેલાવ્યું હતું.

શહેરમાં સ્માર્ટ સીટી, કલીન સીટીના ભાગરૂપે સફાઈ કાર્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આ કારણે શહેરના તમામ ભાગોમાં નિરંતર સફાઈ કર્મીઓ સાફસફાઈ કરતા નજરે ચઢે છે. વળી હજુ પણ પાનખરની અસર કેટલાક પ્રકારના વૃક્ષોમાં વર્તાઈ રહી હોવાથી શહેરમાં સૂકા પાંદડા સહિતના કચરાના ઢગ વારંવાર ખડકાય છે. આ કચરાને એકઠો કરી ડમ્પીંગ સાઈટે લઈ જવાની જહેમત ઉઠાવવાને બદલે ઘણી વાર સળગાવી નાંખીને નિકાલ કરવાનો સરળ રસ્તો અપનાવાય છે. પરંતુ આ સરળ માર્ગ અપનાવવાથી વાતાવરણમાં પ્રદૂષણ વધે છે અને પર્યાવરણને પણ ગંભીર નુકસાન પહોંચે છે. આમ છતાં આ પ્રકારની પ્રવૃત્તિઓ વારંવાર આકાર લઈ રહી છે તે ગંભીર બાબત છે.

આજે બપોરના સુમારે સેકટર-૧૧માં ઉદ્યોગભવનના કોટની નજીક આ પ્રકારે મોટા પ્રમાણમાં એકઠો કરાયેલો કચરો બાળવામાં આવ્યો હતો. આ કચરાનું પ્રમાણ એટલું બધું હતું કે તેની આગની લપેટમાં આસપાસના લીલા વૃક્ષો અને વનરાજી તમામને ભારે નુકશાન થવા પામ્યું હતું. વળી, આગથી ઉઠેલા ધુમાડાનું પ્રમાણ પણ એટલું બધું હતું કે આસપાસના વિસ્તારમાં તેનું પ્રદૂષણ ફેલાઈ જવા પામ્યું હતું અને ધુમાડાના ગોટેગોટા આકાશ તરફ જતા જોઈ અનેક નગરજનો ચિંતામાં મુકાયા હતા. શહેરમાં વારંવાર આ રીતે કચરો બાળવાની ઘટનાઓ પર તાકીદે અંકુશ મુકાય અને આ પ્રકારની ઘટનાઓ માટે જવાબદાર તત્વો વિરુધ્ધ પગલા લેવાય તે અત્યંત જરૂરી બન્યું છે.



## વાતવાતમાં

● શહેરમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ શાળાના બાળકો માટે વિવિધ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા સંચાલકો દ્વારા આધારકાર્ડનો પુરાવો મંગાવાઈ રહ્યો છે. જે બાળકોના આધારકાર્ડ વાલીએ અત્યાર સુધી કઢાવ્યા નહોતા તે તમામ વાલીઓ તાત્કાલિક આધારકાર્ડ કઢાવવા દોડતા થઈ જવા પામ્યા છે.

● શહેરના જાણીતા એડવોકેટ પી.પી. બિહોલા બીજી વાર કૈલાશ માનસરોવરની યાત્રા પૂર્ણ કરી હેમખેમ પરત ફર્યા છે. તેમની સાથે આ યાત્રામાં સે-૨૧ના વૈજનાથ મહાદેવથી ૧૭ સભ્યોની ટીમ પણ જોડાઈ હતી.

● ગાંધીનગરના ઈન્ચાર્જ ડીજીપી પી.પી. પાન્ડેયનું નામ કેટલાક દૈનિક વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોમાં શરત ચૂકથી પી.પી. પાન્ડે તરીકે લખવામાં આવી રહ્યું છે. આથી ડીજીપી કચેરી દ્વારા એક અખબારી યાદી બહાર પાડી ઈન્ચાર્જ ડીજીપી સંબંધિત કોઈ પણ સમાચાર માટે તેમનું નામ પી.પી. પાન્ડેય તરીકે ઉલ્લેખવામાં આવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

● શહેરમાં અનેક ઠેકાણે દબાણોનો રાફડો દિનપ્રતિદિન વધતો જઈ રહ્યો છે. સેકટર-૭માં શોપીંગ સેન્ટરમાં ફુટપાથ પર ખાણીપીણીના ખૂમચા તો ઠીક પણ ફરસાણની દુકાનવાળાઓના રસોડાં સુદ્ધાં ચાલુ કરી દેવાયા છે.

## પ્રેરણા વિદ્યાલયમાં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા.૧૫

સેકટર-૫-એ સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં બાલમંદિર તથા માધ્યમિક વિભાગ ધો-૯ના વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવના આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૭ના કોર્પોરેટરો જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, ઉર્મિલાબેન વર્મા તથા હિરલબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

શાળામાં પધારેલ મહેમાનશ્રીઓને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા. કોર્પોરેટરશ્રીઓએ આ પ્રસંગે હાજરી આપી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો અને શાળા તરફથી કોર્પોરેટરશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા સાહેબે આ પ્રસંગને અનુરૂપ ઉદબોધન આપ્યું હતું.

શાળા પ્રવેશોત્સવમાં દરેક બાળકને કુમ કુમ તિલક કરી નાના ભૂલકાઓને રંગબેરંગી ટોપી પહેરવી મોઢું મીઠું કરાવી શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાઠોડ પારૂલબાએ કર્યું હતું.

## સિવિલમાંથી ગયેલું બાઈક ક્ષય વિભાગનો કર્મચારી લઈ ગયો હતો...!

**પોલીસે કેમેરા ચેક કરી કર્મચારીને પકડવા તખ્તો તૈયાર કર્યો ત્યાં તે બાઈક આપવા પાછો આવ્યો : ભુલથી બીજાનું બાઈક લઈ ગયો હતો**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કીંગમાંથી એક સ્પ્લેન્ડર બાઈકની ચોરી થતા બાઈક માલિકની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી દીધો. સીસીટીવી કેમેરામાં ક્ષય વિભાગનો એક કર્મચારી બાઈક લઈ જતા દેખાયો એટલે પોલીસે તેને પકડવા તખ્તો તૈયાર કર્યો એટલામાં ભુલથી આ બાઈક આવી ગયું હોવાનું કહીને તે કર્મચારી હોસ્પિટલમાં બાઈક પરત આપવા આવી ગયો હોવાનો રમુજ કિસ્સો બનવા પામ્યો છે.

કુડાસણ વિસ્તારના નિકુંજ રમેશચંદ્ર ત્રિવેદી નામનો યુવાન ગઈ કાલે સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોતાનું સ્પ્લેન્ડર બાઈક લઈને આવ્યો હતો ત્યારે પાર્કીંગમાંથી તેમનું બાઈક ચોરી થઈ જવા પામ્યું હતું. પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજ તપાસી બાઈક ચોર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી હતી. ફુટેજ જોતા હોસ્પિટલની બાજુમાં આવેલી ક્ષયની કચેરીમાં નોકરી કરતો કર્મચારી બાઈક લઈને જતા કેમેરામાં કેદ થયો હતો. પોલીસે તેને બાઈક ચોર સમજીને પકડી પાડવા તખ્તો તૈયાર કર્યો ત્યાં સુધીમાં બે કલાકમાં તો તે કર્મચારી જ હોસ્પિટલના સિકયુરીટી ગાર્ડ પાસે બાઈક લઈને આવી ગયો તેણે આવીને કહ્યું કે ભુલથી મારા બાઈકને બદલે બીજાનું બાઈક આવી ગયું છે. હકીકતમાં ઓફીસનું સ્પ્લેન્ડર બાઈક લઈને જવાને બદલે તે ભુલથી બીજુ સ્પ્લેન્ડર લઈ ગયો હતો. તો બીજી તરફ આ બાઈકની ચોરીનો ગુનો પણ દાખલ થઈ ગયો હતો. હવે પોલીસ કોર્ટમાં રીપોર્ટ કરશે કે બાઈક ભુલથી લઈ જવાયું હોવાથી ગુનો બનતો નથી.

## દહેજ માટે પત્નિનાં વાળ પકડી દિવાલ પર માથુ ભટકાવ્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામમાં ગઈ કાલે સવારે દહેજ માટે પરિણીતાને ઢોર માર માર્યો હોવાની ઘટના બનવા પામી હતી. તબેલો બનાવવા રૂ. ૩ લાખ માંગી પતિ સહિત સાસરીયાઓએ પરિણીતાના માથાના વાળ પકડી દિવાલ પર માથુ ભટકાવ્યુ હતું. ત્યારબાદ બેટનાં ફટકા મારી ગાળાગાળી કરી હતી. ઘાયલ પરિણીતા હોસ્પિટલમાં દાખલ છે તેની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે પતિ-સાસુ સહિત પાંચ સામે ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ધણપ ગામની પરિણીતા ભાવિકાબેન રાજુભાઈ ચૌધરીને ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની વર્ધી ચિલોડા પોલીસને મળતા પોલિસ હોસ્પિટલમાં પહોંચી ગઈ હતી. પોલીસે પરિણીતાને ઘટના અંગે પુછતા તેણીએ જણાવ્યું હતું કે તેણીના પતિ રાજુ પ્રેમજી ચૌધરી, સાસુ સિતાબેન પ્રેમજી ચૌધરી, જેઠાણી સુધા ભલાભાઈ ચૌધરી, જેઠ ભરત નેનજીભાઈ ચૌધરી અને સંબંધી જશુ રણછોડ ચૌધરીએ મળીને ઢોર માર મારીગાળાગાળી કરી હતી. ભેંસોના તબેલા બનાવવા માટે રૂ. ૩ લાખ દહેજ માંગી માથાના વાળ પકડી દિવાલે ભટકાવી, બેટના ફટકા મારી ઢોર માર માર્યો હતો. તેમનો લગ્નગાળો આઠ વર્ષનો છે અને એક દિકરો છે અગાઉ પણ આ પ્રકારે મારઝુડ કરી હોવાથી ગુનો નોંધાયો હતો. પરંતુ કોર્ટમાં સમાધાન કર્યું હોવાનું જાણવા મળ્યું છે. ચિલોડા પીએસઆઈ આર.એસ. રાજપુતે પાંચેય સામે ગુનો નોંધી ઉંડી તપાસ આરંભી છે.

## ગંભીર ઈજાગ્રસ્ત ઈમુને જીવદયા પ્રેમીઓની સમયસૂચકતાએ બચાવ્યું

ગાંધીનગર, તા.૧૫

એવું કહેવાય છે કે જેને રામ રાખે તેને કોણ ચાખે? ગાંધીનગરથી દહેગામ માર્ગ પર જંગલી કૂતરાઓએ લગભગ ફાડી નાંખેલી ગંભીર હાલતમાં ઈમુ પક્ષીને જુસિકાના સેવાભાવી જીવદયા પ્રેમીઓની સમયસૂચકતા તથા ત્વરિત બચાકાર્યના કારણે બચાવી લેવાયું છે. હાલ આ ઈમુપક્ષીને સેકટર-૩૦માં મુકિતધામ ખાતે સારવાર હેઠળ રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરથી દહેગામ તરફ જવાના માર્ગે ગત તા. ૧૩મી જૂને કોઈ વાહનચાલક અથવા રાહદારીએ એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં ઈમુ પક્ષી જોયું હતું. આ ઈમુને જંગલી કૂતરાએ પીંખી નાંખ્યુ હોય તેવી હાલતમાં હતું તો તેનો એક પગ પણ ભાંગેલો હતો. આ અજાણ્યા ઈસમે તુરંત જ ગાંધીનગરના મુકિતધામનો સંપર્ક સાધી આ અંગે જાણ કરી હતી. આ કૉલના આધારે જુનિયર સિટીઝન કાઉન્સિલના જીવદયા પ્રેમી સેવકો



એડવોકેટ હિતેષ બી. રાવલ તથા જીલુભા ધાંધલ તુરંત જ ગાડી લઈને સ્થળ પર ધસી ગયા હતા અને અત્યંત દયનીય હાલતમાં કણસી રહેલા ઈમુ પક્ષીને સાચવીને મુકિતધામ ખાતે લઈ આવ્યા હતા. આ સાથે તેમણે પશુ પક્ષીઓના ડૉકટરને પણ બોલાવી લીધા હતા. જેથી તુરંત જ ઈમુની સારવાર હાથ ધરી દેવામાં આવી હતી. નાજુક હાલતમાં ઘાયલ ઈમુને બાટલા ચઢાવવામાં આવ્યા હતા તથા તેના પગને પ્લાસ્ટર કરવામાં આવ્યું હતું. આમ ઈમુ પક્ષીને સમયસરની સારવાર મળી જતા તેનો જીવ બચી જવા પામ્યો હતો તથા તેની તબિયત સુધારા પર આવવા લાગી છે. જો કે હાલ આ પક્ષીને એક માસ સુધી સતત ડૉકટરની સુચના મુજબ અને દેખરેખ હેઠળ દવા સારવાર આપવામાં આવશે જેની વ્યવસ્થા પણ જુસિકા દ્વારા કરી દેવામાં આવી છે. આ સદકાર્યમાં ડૉ. સ્નેહલ પ્રજાપતી તબીબી સેવાઓ આપી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જુસિકા દ્વારા સંચાલિત મુકિતધામ ખાતે ઘણા પશુ પંખીઓને આ પ્રકારના બચાવ કાર્યો દ્વારા બચાવી નવજીવન બક્ષવામાં આવ્યું છે. તથા તેમના લાલન પાલનની જવાબદારી પણ સેવાભાવના સાથે ઉઠાવવામાં આવી છે. આ તમામ અબોલ જીવોને દાકતરી સારવાર સાથે તેમના ખોરાક-રહેઠાણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જુસિકાના આ સેવાભાવી સ્વયં સેવકોએ 'જીવદયા એજ પ્રભુસેવા'ના સુત્રે યથાર્થ ઠેરવી બતાવ્યું છે તે માટે સેવાભાવીઓને નગરજનો વંદન સાથે બિરદાવી રહ્યા છે.

# શાળાઓની સ્ટેશનરી નીતિથી વાલીઓ ખફા

**સ્ટેશનર્સના નામ જોગ વિદ્યાર્થીને ખરીદી કરવા અપાતી ચિઠ્ઠી, અન્યથી ખરીદાયેલી સ્ટેશનરી શાળા માન્ય ગણતી નથી, શાળાના નામની પ્રિન્ટેડ સ્ટેશનરી જ ખરીદવાની પડાતી ફરજ, આડકતરી રીતે શાળાઓનો ખુલ્લેઆમ વેપલો**

ગાંધીનગર, તા.૧૫

શિક્ષણ ક્ષેત્રે રાજયભરમાં નામના મેળવેલ ગાંધીનગર કેટલીક શાળાઓની નિતી રિતીથી બદનામ થઈ રહ્યું છે. શિક્ષણના નામે અંદરખાને ચાલી રહેલી વેપારી પ્રવૃત્તિથી શહેરનો જ વાલીવર્ગ નારાજ બન્યો છે. સ્ટેશનરી નામે નાણાં કમાવાની ઘેલછાએ શાળાઓના શિક્ષણ સામે સવાલ ઉભા કર્યા છે. નવા વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓને ખરીદવાની સ્ટેશનરી માટે કેટલીક શાળાઓ નામજોગ સ્ટેશનરી દુકાનનો આગ્રહ સેવી રહી છે અને આ માટે વિગતવાર સ્ટેશનરીની જરૂરિયાત સાથે વિદ્યાર્થીઓને ચિઠ્ઠી પણ અપાય છે. આર્થિક રીતે નબળા વર્ગના વાલીઓ શાળાઓની આ કાર્યપધ્ધતિથી પોતાના સંતાનના અભ્યાસની ચિંતા કરતા થઈ ગયા છે.

મળેલ વિગતો મુજબ શહેરની કેટલીક શાળાઓ દ્વારા કઈ કઈ સ્ટેશનરી અભ્યાસ માટે જરૂરી છે તે તેમજ કયાંથી ખરીદવી તેની વિગતવાર નોંધ છપાવીને વિદ્યાર્થીઓને ચિઠ્ઠી તરીકે અપાય છે. વધુમાં આ સ્ટેશનરીમાં શાળાનું નામ પ્રિન્ટેડ હોવું જરૂરી ગણી તે જ રીતે ખરીદી કરવા આગ્રહ રખાયો છે. જેથી શહેરના વાલી વર્ગમાં શાળાની આ વેપારી વૃત્તિ સામે આક્રોશ ફેલાયો છે. હાલ દરેક સમાજમાંથી રાહતદરે નોટબુક અને ચોપડા વિતરણ થઈ રહ્યા છે. સમાજના આ ચોપડા પણ શાળાઓ અમાન્ય ગણી રહી છે તેમજ અન્યથી ખરીદાયેલી સ્ટેશનરી પણ માન્ય ન રાખી ચિઠ્ઠીમાં જણાવેલ



સ્ટેશનરી સ્ટોર્સમાંથી જ ખરીદી કરવા દબાણ થઈ રહ્યું હોવાનું વાલી વર્ગ જણાવી રહ્યો છે.

શહેરની કેટલીક શાળાઓની આ સ્ટેશનરી નિતીએ આર્થિક રીતે અસક્ષમ વાલીવર્ગમાં ચિંતા ઉભી કરી છે. પોતાના તેજસ્વી સંતાનના અભ્યાસ માટે મોંઘાભાવની સ્ટેશનરી ખરીદી ન શકવાના અફસોસ સાથે સંતાનના અભ્યાસની ચિંતા પણ ઉભી થઈ છે. શાળાઓના આ દુરાગ્રહ બાબતે કેટલાક વાલીઓ અંદર ખાને ઉચ્ચ કક્ષાએ સાબિતી સાથે રજુઆત કરવાની તૈયારી કરતા હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં શાળાની આ વેપારી વૃત્તિ સામે પડનાર વાલીના સંતાનને શાળા તરફથી અન્યાય થશે તેવી દહેશતે પણ કેટલાક વાલીઓ અકળ મૌન સેવી રહ્યા છે. જો કે રાજયનો શિક્ષણ વિભાગ ખાનગી રીતે આ તપાસ હાથ ધરે તો મસ મોટા સ્ટેશનરી કૌભાંડ બહાર આવવાની શકયતા પણ વાલી વર્ગ માની રહ્યો છે. છતાં શાળાઓ ગરીબ વિદ્યાર્થીઓને ધ્યાને રાખી આ દુરાગ્રહ ન રાખે તેવું વાલી ગણ ઈચ્છી રહ્યો છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોગ સપ્તાહનું આયોજન

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિત્તે આગામી તા. ૧૮ થી ૨૪મી જૂન દરમિયાન સવારે ૬.૩૦ કલાકે, સેકટર-૨૦, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોગ સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ સપ્તાહ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા નાગરિકોએ નામ નોંધણી માટે જયદેવ ધાંધિયા મો.નં. ૯૦૯૯૦૯૫૧૭૮ ઉપર સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધી સંપર્ક કરવાનો રહેશે. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર કમલા મણીરાવે નગરના તમામ નાગરિકોને યોગમાં જોડાવવા અનુરોધ કર્યો છે.

## ચક્ષુદાન

સેકટર-૨-એ પ્લોટ નં. ૧૦૩/૧માં રહેતા સ્વ. રમાબેન ભાનુપ્રસાદ પુરાણીનું ૭૩ વર્ષે દુઃખદ અવસાન થયું છે. તેઓના કુટુંબીજન ભાનુપ્રસાદ પુરાણીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા લેવામાં આવ્યું છે. આ સદર કાર્યમાં ડૉ. નીરવ અને ડૉ. નિશાંત એ તબીબી સેવા પૂરી પાડી હતી. જુસીકાના કાર્યકર દિલીપ દંતાણી અને છત્રસિંહ મકવાણાએ ચક્ષુઓ લેવાની સેવાઓ આપી હતી તેમજ સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય પણ કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા શણગારબા હિંમતસિંહ, ઉ.વ.૬૮
- સ્વ. ભટ્ટ મંગળાબેન જયદેવભાઈ, ઉ.વ.૯૪
- સ્વ. ઠાકોર પ્રહ્લાદભાઈ બળદેવજી, ઉ.વ.૨૦
- સ્વ. રાવળ પ્રેમીલાબેન જેસીંગભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. અગ્રવાલ ત્રિભુવનનાથ મોહનલાલ, ઉ.વ.૭૧
- સ્વ. વેકરીયા ભનુભાઈ ભગવાનભાઈ, ઉ.વ.૭૦